शार्दूल शिशु विहार

स्वयमेव मृगेन्द्रता

ता- ३१/०५/२०२०

**शुष्क ज्ञान नहीं तत्त्वज्ञान!**

**अनुभवसिद्ध ज्ञान ही है भारतकी पहचान!**

www.prachodayat.in

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | 4 | | 2 | 8 | | |
| 1 | | | 8 | | | 9 | 7 | |
| | | 7 | | | | 4 | | 2 |
| | 8 | | | | 6 | | 3 | 9 |
| 6 | | 5 | | | 1 | | | |
| | | | | 4 | | | | 7 |
| | | 1 | | 8 | 3 | | | |
| 7 | 6 | | | | | | 8 | |
| | | | | 9 | | 5 | 2 | |

## ઉખાણું

લાલ, લીલી ને પીળી
ત્રણ બત્તી ધરાવું છું.
લીલી બત્તી એ દોડતાં લોકો
ને લાલે હું થંભાવું છું.

## જોડકણા

નગારાની નોબત વાગે, શરણાઈ વાગે સાથે
ઢોલ ત્રાંસાં પડઘમ વાગે, બાળસેના નાચે.

# ચિત્ર



# વાર્તા

## ચતુર પિતાની ચાર આજ્ઞાઓ

– નગીન દવે

ધરમપુર ગામમાં ધર્મદાસ શેઠની મોટી પેઢી હતી. તેને ઉત્તમચંદ નામનો એક જ પુત્ર હતો. લાડકોડમાં ઉછર્યો હોવાથી તે કુસંગે ચડી ગયેલો. તે મિત્રો સાથે મળી એશોઆરામમાં ધન વેડફતો તેથી શેઠે વિચાર્યું કે મારા કરોડો રૂપિયાનાં ધનને સુરક્ષિત કરી લઉં. દીકરાને અક્કલ આવશે તો લઈ શકશે.

ગામથી થોડે દૂર શેઠે એક શિવમંદિર બંધાવ્યું અને ઘુમ્મટનો પડછાયો દસ વાગ્યે જ્યાં પડે ત્યાં ખાડો ખોદાવી કરોડો રૂપિયા દાટી દીધા. ઉપર ચબૂતરો ચણાવ્યો અને શેઠે તેનાં ચોપડામાં પુત્રને ઉદ્દેશીને આ ચાર વાતો લખી (૧) રોજ મીઠું મીઠું ભોજન કરો (૨) દુકાને છાંયામાં જાઓ અને છાંયામાં આવો (૩) કોઈને રૂપિયા ઉધાર આપો તો પાછા માગવા નહિ (૪) ક્યારેક રૂપિયાની જરૂર પડે તો શિવમંદિરના ઘુમ્મટમાં છે, દસ વાગે લેવા જશો તો મળશે નહિતર નહિ મળે.

થોડા સમય પછી ધર્મદાસનું અવસાન થયું. ઉત્તમચંદે ચોપડો ખોલીને જોયું તો ઉપરની ચાર વાતો તેનાં ધ્યાનમાં આવી. તેણે અમલ કરવાનું શરૂ કરી દીધું. ઘરમાં રોજેરોજ મીઠાઈ બનવા માંડી. ઘરની દુકાન સુધી તેણે છાપરું બનાવી લીધું જેથી છાંયડામાં જવાય અને છાંયામાં અવાય અને જે માગે તેને રૂપિયા ઉધાર આપવા માંડ્યા અને પાછા આપવાનું કાંઈ કહેતો નહિ.

ગામલોકોને તો ભારે મજા પડી ગઈ. સૌ માંડ્યા ઉધાર લેવા, પાછા આપવાની કાંઈ બોલી નહોતી ઉત્તમચંદની બધી સંપત્તિ ખલાસ થઈ ગઈ. તેની સ્થિતિ કફોડી બની ગઈ. મીઠું ભોજન તો શું જુવારના રોટલાનાં પણ ફાંફાં પડવા માંડ્યા. પિતાએ ચણાવેલ મંદિરનો ઘુમ્મટ તોડ્યો તો તેમાંથી ફૂટી કોડી પણ ન મળી. ધીરેધીરે અડધું મંદિર તોડાવી નાંખ્યું પણ મહેનત પાણીમાં ગઈ, કાંઈ મળ્યું નહિ.

ધર્મદાસ શેઠના એક પરમ મિત્ર હતા કર્મદાસ. મિત્રના પુત્રની આવી અવદશા જોઈ તેઓને બહુ લાગી આવ્યું. તેઓ વૃદ્ધ હતા અને બહાર હરીફરી શકતા નહોતા એટલે ઉત્તમચંદને ઘરે બોલાવ્યો. તેણે ઉત્તમની પીઠ પર હાથ ફેરવી કહ્યું. ‘બેટા ! તારી આવી હાલત કેમ થઈ ગઈ, મારા મિત્ર તો ઘણું ધન મૂકીને ગયા હતાં.’ ઉત્તમચંદે માંડીને વાત કરી અને પિતાજીએ ચોપડામાં લખેલી ચાર આજ્ઞાઓથી જ તે પાયમાલ થઈ ગયો તેમ જણાવ્યું.

'બેટા, ધર્મદાસ બહુ બુદ્ધિશાળી હતા. આ ચાર વાતો તારા ભલા માટે જ લખી હતી; પરંતુ તને તેનો અર્થ સમજાયો નહિ. ધન તો મંદિરના ગુંબજમાં જ છે, ચાલો હું બતાવું.' 'કર્મદાસ ચાલવામાં અશક્ત થઈ ગયેલા એટલે ઘોડાગાડી મંગાવી અને બંને શિવમંદિર પહોંચ્યા. થોડીવારમાં દસ વાગ્યા એટલે કર્મદાસે ઘુમ્મટનો પડછાયો જ્યાં પડતો ત્યાં ખોદાણ કરવા જણાવ્યું. ખોદાણ કરતાં જ રૂપિયા ભરેલા સાત ચરુ મળી આવ્યા.



'બેટા ! હવે હું તારા પિતાએ લખેલી સોનેરી વાતોનો અર્થ સમજાવું. રોજ મીઠું ભોજન ખાવું એટલે રોજ મીઠાઈઓ નહિ ઝાપટવાની. રોજ મીઠાઈ આરોગીએ તો ડાયાબિટીસ થઈ જાય. મીઠા ભોજનનો અર્થ છે જ્યારે કકડીને ભૂખ લાગે ત્યારે જ જમવું જેથી તે મીઠું લાગે. છાંયડાનો મતલબ એ નથી કે ઘરથી દુકાન સુધી છાપરું બનાવવું; પરંતુ એમ સમજવાનું છે કે સવારે તડકો થયા પહેલાં દુકાને જવું અને સાંજે સૂરજ ઢળ્યે ઘરે આવવું. રૂપિયા ઉધાર આપીને પાછા નહિ માગવાનો અર્થ એ છે કે બે

હજાર રૂપિયાની વસ્તુ રાખીને પછી એક હજાર રૂપિયા આપવા જેથી ઉધાર લેનાર પૈસા પરત ચૂકવીને પોતાની વસ્તુ લઈ જાય, માગવાનો પ્રશ્ન જ ઊભો થાય નહિ.'

ઉત્તમચંદે કર્મદાસના પગ પકડી લીધા. 'કાકા ! મને પિતાજીના શબ્દો સમજાયા નહિ અને તમારા જેવા વડીલની સલાહ લીધી નહિ. આ તો સંકટ સમયે ખેંચવાની સાંકળ હતી, બાકી દરેકે વ્યાવહારિક રીતે જ જીવન જીવવું જોઈએ, કાકા ! હવું હું આવી ભૂલ નહિ કરું.

'બેટા ! સમજ્યા ત્યારથી સવાર ! ગઈ ગુજરી ભૂલી હવે નવેસરથી સન્માર્ગે ચાલી જીવન ધન્ય કરો. પ્રભુ તારું કલ્યાણ કરે.'

કર્મદાસને ઘોડાગાડીમાં બેસાડી ઉત્તમચંદ ઘરે મૂકી ગયો અને નવેસરથી જિંદગી શરૂ કરી.

■

વાર્તા રે વાર્તા

**30-5-2020**

માતાપિતાને,

**1.** આપ સૌ ને વાર્તા કેવી લાગી એ પ્રતિભાવ ફેસબૂક કોમેન્ટમાં આપવો

**2.** સાથે, અંતે પુછાયેલા ઉખાણાંનો જવાબ પણ કોમેન્ટ માં આપવો!

**3.** વિડીયો શેર કરી બીજા માતાપિતા સુધી પહોંચાડીએ!

સાંભળવા અહીં ક્લિક કરો :
https://www.facebook.com/watch/?v=553826822191608

# વિજ્ઞાન પ્રયોગ

૩૪

## કાગળને આઠ વખત અડધેથી વાળવો અશક્ય છે.





**સાધન-સામગ્રી** : કોઈ પણ માપનો કાગળ

**કૃતિ** : અલગ-અલગ માપના કાગળ અલગ-અલગ લોકોને આપી તેમને અડધા ભાગથી આઠ વખત ગડી વાળવાનું કહો.

**નિરીક્ષણ** : આપણે કોઈ પણ માપના કાગળને અડધેથી આઠ વખતથી વધુ વાળી શકતા નથી.

**શા માટે ?** : આપણે કાગળને વાળીએ ત્યારે ક્ષેત્રફળ ઘટતું જાય છે જે ગણિતના સૂત્ર

$૨^{૧}, ૨^{૨}, ૨^{૩}, ........ ૨^{૮}$

મુજબ હોય છે. $૨^{૮}$ વખતે ક્ષેત્રફળ એટલું નથી હોતું કે જેથી વાળી શકાય કારણ કે તેની જાડાઈ વધી જાય છે.






| ગૃહકાર્ય |
| --- |
| https://www.youtube.com/watch?v=65cG1XwdV5w&feature=youtu.be |
| https://www.youtube.com/watch?v=R-eztb9zT08&feature=youtu.be |

| રમત |
| --- |
| https://vimeo.com/showcase/7167001 |
| https://vimeo.com/showcase/7166993 |
| https://www.youtube.com/watch?v=69UkA4n_4-U&feature=youtu.be |

## મેરા ભારત મહાન.




## -: રામાયણ :-

વિશ્વામિત્ર એ વશિષ્ઠ પાસે શું માગ્યું હતું?

## दुर्लभं भारते जन्म

# ત્રિનેત્રેશ્વર મંદીર, થાનગઢ, ગુજરાત



ત્રિનેત્રેશ્વર મંદીર ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ગામમાં આવેલું ગુર્જર પ્રતિહાર શૈલીનું ભગવાન શિવનું મંદિર છે. આ મંદિર તેના વાર્ષિક મેળા, તરણેતર મેળા માટે જાણીતું છે.

ત્રિનેત્રેશ્વર કાળક્રમે અપભ્રંશ પામી આજે પ્રચલિત તરણેતર (ત્રણ નેત્ર) તરીકે ઓળખાય છે. તરણેતર મંદીરની સ્થાપના વિશે લોકવાયકા છે કે અયોધ્યાનાં સૂર્યવંશી રાજા યુવનાશ્વ નિ:સંતાન હોવાથી તેણે તેમના ગુરુ વશિષ્ઠના સુચનથી યજ્ઞ કર્યો હતો. તેના તપોબળે તેમને ત્યાં પુત્રનો જન્મ થયો હતો જેનું નામ મંધાતા હતુ. અને આ તરણેતરનું મંદીર મંધાતા એ બંધાવેલ હતું. તે ઉપરાંત આ મંદીર સાથે એક એવી વાત પણ જોડાયેલ છે જે મહાભારત કાળની છે. તે સમયે દ્રુપદ નગરી પાંચાળમાં હતી. મહાભારતની કથા અનુસાર દ્રુપદની પુત્રી દ્રૌપદી નો સ્વયંવર તરણેતરમાં યોજવામાં આવેલ હતો. તે સમયે બ્રાહ્મણના વેશમાં પાંડવો સ્વયંવરમાં આવેલા અને અત્યારે આ સ્થળ ઉપર જે કુંડ આવેલ છે, તેમાં અર્જુન દ્વારા મત્સ્યવેદ થયો હતો અને આ રીતે દ્રૌપદીનાં વિવાહનો પ્રંસંગ જોડાયેલો છે.

તરણેતરનું મંદીર દસમી સદીનું હોવાની શકયતા મંદીરની શૈલી ગુર્જર પ્રતિહાર પ્રકારની હોવાથી સંશોધનકારો કહે છે. કારણ કે પ્રતિહાર રાજાઓએ અનેક શિવાલયોની સ્થાપના કરેલી છે. જેથી તેઓએ આ મંદીરનો જીર્ણોધાર કરાવ્યો હોય. આમ પણ પ્રતિહાર રાજાઓ આઠમી સદીમાં સૌરાષ્ટ્રમાં આવ્યા હોય તેવા પ્રમાણો ઇતિહાસમાં મળે છે. આ મંદિર સમ્રાટ મિહિર ભોજે બંધાવ્યું હોય શકે એવું પુરાતત્વવિદ્દો નું માનવું છે. અત્યારનું જે મંદીર છે તેનો જીર્ણોધાર લખતરનાં રાજવી કરણસિંહજીએ ઈ.સ. ૧૯૦૨ માં તેમના પુત્રી કરણબાનાં સ્મરણાર્થે કરાવ્યો હતો મંદીરનો ઘાટ જુનો છે. તેના ઉપર નવા મંદીરની બાંધણી થઈ છે. આ મંદીરથી થોડુ દુર તરણેતર ગામ આવેલું છે. મંદીરની સામેની બાજુએ તળાવ છે. તરણેતરનાં આ મંદીરમાં બે શિવલીંગ સ્થાપિત છે. જે જાણકારોના કહેવા મુજબ મોટું શિવલીંગ પ્રાચીન છે અને તેની બાજુમાં આવેલા પ્રમાણમાં નાના શિવલીંગની પ્રતિષ્ઠા કરણસિંહજીએ મંદીરનો જીર્ણોધાર કર્યો ત્યારે થઇ છે. આ મંદીરની કોતરણી અને શિલ્પ અદભુત, મોહક અને મનોહર છે. મંદીરની બાજુમાં ત્રણ કુંડ આવેલાં છે જે વિષ્ણુકુંડ, શિવકુંડ અને બ્રહ્મકુંડ તરીકે ઓળખાય છે.

પાંચાળ પ્રદેશની પ્રજા દુર ન જઈને તરણેતરને ગંગા અને હરદ્વાર માનીને તરણેતરમાં આવેલ ત્રણેય કુંડમાં પોતાના મૃત્યુ પામેલા સ્વજનોના અસ્થિ પધરાવી, કુંડમાં નાહીને ગંગામાં નાહયાનું પુણ્ય માને છે અને આ દિવસેજ ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદીર ઉપર બાવન ગજની ધજા ચડાવવામાં આવે છે. તરણેતરનાં મેળાની ત્રણ વિશેષતાઓ છે. *સામસામા બોલાતા દુહા, વહેલી રાતથી માંડીને સવાર સુધી ચાલતી ભજનની લહેર અને ૨૦૦-૨૦૦ ભાઈ-બહેનોના એક સાથે લેવાતા હુડા અને હાજા રાસ.*

# -: અપેક્ષા રહિત કામ કરવું :-

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110<br>શાર્દૂલ શિશુ વિહાર વડોદરા :- 79845 49896 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |